सत्यमेव जयते

# <u>વાગરાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામઃ–વાગરા.</u>

<u>રે.દિ.મુ.નં.૧૬/૨૦૧૮</u>

**વાદીઃ** મોહસીન હસન પટેલ,
રહે. ઓચ્છણ, તા.વાગરા, જી.ભરુચ.

**વિરુઘ્ધ**

**પ્રતિવાદીઃ** મહમદ અબ્રાહમ ચાંદીઆ,
રહે.ઓચ્છણ, તા.વાગરા,જી.ભરુચ.

---

**વાદી તર્ફે વિ.વ.શ્રી કે.એસ.મઢીવાલા**
**પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી વી.આર.પટેલ**

---

## <u>:: આંક–૧૬ લગત હુકમ ::</u>

**(૧)** સદર કામે વાદીએ હાલની અરજી આપી સીપીસી ઓર્ડર ૨૬, રૂલ ૯ મુજબ આપી દાદ માંગેલ છે કે, આ દાવાના કામે દાવાના પેરા નં.૧ વાદીની મોજે–ઓચ્છણ, તા.વાગરાના ગા.પં. મીલકત નં.૧૭૧, ક્ષેત્રફળ : લંબાઈ ૫૦ ફુટ અને પહોળાઈ ૩૦ ફુટ વાળી મીલકત તથા દાવાના પેરા નં.૨ ની પ્રતિવાદીની મોજે–ઓચ્છણ, તા.વાગરાના ગા.પં. મીલકત નં.૧૭૦ ક્ષેત્રફળ : લંબાઈ ૭૦ ફુટ, અને પહોળાઈ ૨૦ ફુટ વાળી મીલકતની માપણી, સ્થળ, સ્થિતિનું પંચનામુ તથા નકશો તૈયાર કરવા માટે ડી.આઈ.એલ.આર.શ્રી ભરુચને કોર્ટ કમીશનર તરીકે નીમી બંને મીલકતોની માપણી, સ્થળ, સ્થિતિ, વિગતોનું પંચનામુ અને નકશો તૈયાર કરવા ન્યાયી હુકમ ફરમાવાની સબબની દાદ માંગેલ છે.

**(૨)** સદર કામના પ્રતિવાદી તર્ફે વાદીની અરજીની વિરુઘ્ધ આંક–૧૭ થી લેખીત જવાબ રજુ કરેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે. તેમજ પ્રતિવાદી એ કિશોરકુમાર અને બીજાઓ વિરુઘ્ધ રાજેશકુમાર જયપ્રકાશ અગ્રવાલ, ૧૯૯૧(૨)

જી.એલ.એચ. ૫૮૦ ના ચુકાદા પર આધાર રાખેલ છે. સદર ચુકાદાને માનસહ વંચાણે લેવા માં આવેલ છે.

**(૩)** ત્યાર બાદ વાદી તર્ફે વિ.વ.શ્રી કે.એસ.મઢીવાલાની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે જેમાં તેઓ જણાવે છે કે, આ કામે પક્ષકારોને દસ્તાવેજ રેકર્ડ ઉપર છે અને મુખ્ય તકરાર ક્ષેત્રફળનું છે. ગામડાઓમાં આકારણી પત્રકમાં ક્ષેત્રફળ દર્શાવવામાં આવતુ નથી. જેથી સાચી હકીકત રેકર્ડ પર લાવવા સારુ અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

**(૪)** ત્યાર બાદ પ્રતિવાદીના વિ.વ.શ્રી વિ.આર.પટેલ નાઓની વિસ્તારપુર્વક દલીલો સાંભળવામાં આવેલ છે જેમાં તેઓ જણાવેલ છે કે, આ કામે મનાઈ અરજી નામંજુર કરવામાં આવેલ છે. જો વાદીની અરજી મંજુર કરવામાં આવે તો એવો પુરાવો ઉભો થાય અને કિશોરકુમાર અને બીજાઓ વિરુધ્ધ રાજેશકુમાર અગ્રવાલ ના ચુકાદા પર કોર્ટ પુરાવો એકત્રીત કરવા માટે પક્ષકારને મદદ કરી શકાય નહી. વાદીએ દબાણ કરેલ છે. વાદી જયારે દાવો લાવેલા હોય ત્યારે વાદીએ પુરાવો રજુ કરવો જોઈએ અને નવો પુરાવો રજુ થાય તો પ્રતિવાદીને નુકશાન થાય તેમ છે જેથી અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

**(૫)** ઉપર મુજબની ઉભય પક્ષની રજુઆતો ધ્યાને લીધી. સમગ્ર રેકર્ડ વંચાણે લીધુ. વાદીની દાવા અરજીની દાદ વંચાણે લેવામાં આવે તો મીલકત નં.૧ ૭૧ લંબાઈ ૫૦ ફુટ તથા પહોળાઈ ૩૦ ફુટ વાળી મીલકતના વાદી માલીક છે. તેવુ જાહેર કરવા સબબનું તેમજ સદર મીલકતમાં વાદીનું છ ફુટ પહોળી જગ્યા ઉપર કરેલ દબાણ પ્રતિવાદી પોતાના ખર્ચે દુર કરે તેવો હુકમ ફરમાવવા તેમજ સદર મીલકતમાં પ્ર તિવાદી ગેરકાયદેસર બાંધકામ કરે કરાવે નહી કે ચોકચાલમાં મુકેલ ટ્રેકટર, કલ્ટી હટાવી લે તેવી દાદ માંગેલ છે. તે સંજોગોમાં વાદીની હાલની અરજી મંજુર કરવામાં આવે છે તો સાચી હકીકત રેકર્ડ પર આવશે અને દાવાનો ન્યાય નિર્ણય કરવામાં કોર્ટને મદદરુપ થશે. વધુમાં હાથ પરના કેસની હકીકત તેમજ પ્રતિવાદી તર્ફે રજુ કરેલ ચુકાદાની હકીકત જુદી જુદી હોય સદરહું ચુકાદો પ્રતિવાદીને મદદરુપ થઈ શકશે નહી તેવુ આ અદાલતનું નમ્રપણે માનવુ છે. વધુમાં આ કામે પુરાવો નોધવાનો બાકી

છે એટલે કે બંને પક્ષને પોતાનો બચાવ કરવાની પુરતી તકો રહેલી છે. આમ, અરજી મંજુર કરવાથી સાચી હકીકત રેકર્ડ પર આવશે અને દાવાનો યોગ્ય ન્યાય નિર્ણય કરવા માટે કોર્ટને મદદરુપ થશે જેથી અરજી મંજુર કરવા પાત્ર કરવા જણાતી હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

**(૧)** વાદીની હાલની આંક–૧૬ ની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

**(૨)** ડી.આઈ.એલ.આર.શ્રી ભરુચ નાઓની કોર્ટ કમીશ્નર તરીકે નિમણુંક કરવામાં આવે છે, તેઓએ મોજે ઓચ્છણ, તા.વાગરાના ગામ પંચાયત મીલકત નં.૧૭૧ ક્ષેત્રફળ : લંબાઈ ૫૦ ફુટ, પહોળાઈ ૩૦ ફુટવાળી મીલકત તથા પ્રતિવાદીની મોજે ઓચ્છણ, તા.વાગરાની ગામ પંચાયત મીલકત નં.૧૭૦ ક્ષેત્રફળ : લંબાઈ ૭૦ ફુટ તથા પહોળાઈ ૨૦ ફુટવાળી મીલકતનું માપણી કરી સ્થળ સ્થિતિનું પંચનામુ કરી તથા નકશો તૈયાર કરી અત્રેની કોર્ટમાં રજુ કરવો.

**(૩)** ડી.આઈ.એલ.આર.શ્રી ભરુચ નાઓએ ઉપર જણાવેલ મીલકતનું માપણી, સ્થળ સ્થિતિનું પંચનામુ તથા નકશો તૈયાર કરતા પહેલા દાવાના પક્ષકારોને લેખીતમાં આ બાબતે જાણ કરવી.

**(૪)** વાદીએ કોર્ટ કમીશ્નરની ફી પેટે રૂા.૩,૦૦૦/– (અંકે રુપીયા ત્રણ હજાર પુરા) નામદાર કોર્ટમાં ડીપોઝીટ કરાવવા. તેમજ જો કોર્ટ કમીશ્નરશ્રીની ફી પેટે પાછળથી કોઈ ઘટતી રકમ ભરપાઈ કરવાનું થાય તો તે રકમ વાદીએ ભરપાઈ કરી આપવાની રહેશે.

**(૫)** વાદીએ કોર્ટ કમીશ્નરશ્રીની ફી પેટે રૂા.૩૦૦૦/– જમા કરાવે થી કમીશન પત્ર ઈસ્યુ કરવો.

ઉપરોકત હુકમ આજ તા.૦૩ જી, માહે : સપ્ટેમ્બર, સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

**તા.૦૩–૦૯–૨૦૧૯**
**વાગરા.**

**(સાગરકુમાર શાંતિલાલ પ્રજાપતિ)**
**પ્રિન્સીપાલ સીવીલ જજ,**
**વાગરા GJ01482**